ગાંધીનગર સમાચાર
તા. ૪-૭-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### જાસૂસી : વિશ્વવ્યાપી અનિવાર્ય અનિષ્ટ

વ્હીસલ બ્લોઅર સ્નોડેન અમેરિકા દ્વારા એની નેશનલ સિક્યુરીટી એજન્સી મારફત વિશ્વના કેટલાક રાજકીય પક્ષોની જાસૂસી કરાવાઇ હોવાનો ઘટસ્ફોટ કર્યો એમાં ભારતીય જનતા પાર્ટીનું નામ પણ સામેલ હોવાથી કેન્દ્ર સરકાર અમેરિકા પ્રત્યે નારાજ થાય તે સ્વાભાવિક છે. જો કે ઘટના ૨૦૧૦ના વર્ષની છે, જે વખતે ભારતમાં ડો. મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપીએ-૨ સરકાર કાર્યરત હતી. અમેરિકાએ ભારતના મુખ્ય વિપક્ષ એવા ભાજપ ઉપરાંત બેલેનોનમાં અમાલ, ઇજિપ્તમાં મુસ્લિમ બ્રધરહુડ અને પાકિસ્તાનમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની પણ જાસૂસી કરાવી હતી. ૨૦૧૦ની આ ઘટનાનો આપણને છેક ૨૦૧૪માં ખ્યાલ આવે છે તે પણ આપણા ગુપ્તચંર તંત્ર મારફત નહીં, પરંતુ સ્નોડેન જેવા વિદેશી માધ્યમ દ્વારા. શું આટલી જ બાબત આપણાં ગુપ્તચર તંત્રનું સ્તર નક્કી કરવા પૂરતી નથી? કેન્દ્ર સરકારે ચાર વર્ષ અગાઉની બાબતને ગંભીરતાથી લઇ અમેરિકન એમ્બસીના ટોચના રાજદ્વારીને બોલાવીને ખખડાવ્યા અને આવી હરકત સાંખી લેવાશે નહિં, એવી કડક સૂચના આપી. ભવિષ્યમાં આવું ફરી ન બને, એની ખાતરી પણ અમેરિકા પાસેથી માગવામાં આવી. વિદેશ મંત્રાલયે ભલે 'અપની ગલીમેં કુત્તા ભી શેર' વાળી કહેવત મુજબ દિલ્હીની અમેરિકન એમ્બસીના રાજનયિકને તતડાવી નાખ્યા હોય અને વોશિંગ્ટન પાસે પણ જવાબ માગ્યો હોત પરંતુ એથી અમેરિકા જાસૂસી કરતું બંધ થઇ જાય એ વાતમાં માલ નથી. અમેરિકા શું, દુનિયાના તમામ દેશો પોતપોતાના ગજા મુજબનું જાસૂસીતંત્ર ધરાવે છે અને જરૂરી ગુપ્ત માહિતી મેળવતા રહે છે. ભારતમાં એવા તો કોણ જાણે કેટલા દેશોના જાસૂસો જુદા જુદા હેતુસર જુદા જુદા વેશ ધારણ કરીને ફરતા હશે! એવું નથી કે અમેરિકા અને ચીન કે પાકિસ્તાન જ ભારતની જાસૂસી કરાવતાં હોય; ભારત પણ એની 'રો' જેવી એજન્સીઓ મારફત દુનિયાભરમાં ચાલતી મહત્ત્વની બાબતો જાણવા પ્રયત્નશીલ રહેતું જ હોય. જાસૂસી તંત્ર એ શાસનતંત્રનો અનિવાર્ય અને અતિશય મહત્ત્વનો વિભાગ છે. આ બાબત માનવની ઉત્ક્રાંતિ જેટલી પ્રાચીન છે. દેવો દાનવોની અને દાનવો દેવોની જાસૂસી કરાવતા હોવાની રમણીય કથાઓ આપણાં મહાકાવ્યો અને પુરાણોમાં ઢગલાબંધ જોવા મળે છે. જાસૂસી એ માણસની બુદ્ધિમાં સમાહિત શંકાશીલતાની ફલશ્રુતિ છે. પરિવારમાં સાસુ વહીની અને વહુ સાસુની જાસૂસી કરતી રહે છે. પતિ પત્નીનું અને પત્ની પતિનું પગેરું લેતી રહે છે. જાસૂસી એ માનવ સ્વભાવમાં આદિઅનાદિથી રસાઇ ગયેલું અનિવાર્ય અનિષ્ટ છે. જૂના જમાનામાં રાજાઓ એકમેકની અને ખુદ રાજપરિવારના સભ્યોની જાસૂસી કરાવતા. ત્યાં સુધી કે શંકાને કારણે રાજા દરરોજ રાતે નવી જગ્યાએ સૂવાનું પસંદ કરતા જેથી એમની હત્યા ન થઇ શકે! અમેરિકા તો વિશ્વની જમાદારી કરનારો દેશ છે. અમેરિકા જો દુનિયાના બીજા દેશોની જાસૂસી ન કરાવે તો એને ખબર જ શી રીતે પડે કે બીજા દેશો એની જોહુકમી બાબતે કેવો અભિપ્રાય ધરાવે છે? અમેરિકાની 'સીઆઇએ' અને રશિયાની 'કેજીબી' એ દુનિયાની સૌથી શક્તિશાળી જાસૂસી એજન્સીઓ ગણાય છે. ચીન પાસે એનું જડબેસલાક જાસૂસીતંત્ર છે અને પાકિસ્તાનમાં તો એનું લશ્કર 'આઇએસઆઇ' જેવી જાસૂસી સંસ્થાની મારફત જ ઇસ્લામાબાદથી લઇ પાડોશી હિન્દુસ્તાન પર્યંત દબદબો ધરાવે છે. ભાજપના નેતાઓએ અમેરિકન રાજદૂતને ઠપકો આપ્યો એથી કંઇ અમેરિકા સુધરી જવાનું નથી. ઊલટાનો એનો સાથેના કથળેલો સંબંધો વધુ વણસવાની જ શક્યતા રહેશે.

# એસ.જી. ઇંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં શાળા વિધાનસભા સમિતિના હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રીમતી એસ.જી. ઇંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલ સેકટર-૨૩માં તા. ૨ જુલાઈ ૨૦૧૪ના રોજ સવારે ૮ કલાકે કેમ્પસ ડાયરેકટર શ્રી સોમભાઈ પટેલ અને રૂપાબેન મજમુદારના મુખ્ય મહેમાન પદે શાળા વિધાનસભા સમિતિના હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો.

શાળાના આચાર્યા મિલિ સિંહ, કેમ્પસ ડાયરેકટર શ્રી સોમભાઈ પટેલ અને રૂપાબેન મજમુદાર દ્વારા કાર્યક્રમનું દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાંથી દેવાંથી પટેલને સ્કૂલ કેપ્ટન, પ્રિયાંશુ સિંગને વાઈસ કેપ્ટન અને પ્રકાશ પટેલને સ્પોર્ટસ કેપ્ટન તરીકે નિયુકિત આપી કાર્યભાર સંભાળવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સમગ્ર શાળાના બાળકોને રેડ હાઉસ, ગ્રીન હાઉસ, યલો હાઉસ, બ્લયુ હાઉસ અને આરેન્જ હાઉસ પ્રમાણે વહેંચવામાં આવ્યા હતા. દરેક હાઉસના કેપ્ટન અને વાઈસ કેપ્ટન ને પણ આ પ્રસંગે નિયુકત કરી પદગ્રહણ કરવામાં આવ્યું હતું. રેડ હાઉસમાં કેપ્ટન તરીકે વિધિની, ગ્રીન હાઉસના કેપ્ટન તરીકે સાકાર જોશીનો, યલો હાઉસના કેપ્ટન તરીકે ભૌમિક તિવારીની, બ્લ્યુ હાઉસના કેપ્ટન તરીકે આર્યનની અને ઓરેન્જ હાઉસના કેપ્ટન તરીકે વેદાંગ પટેલની નિયુકિત સાથે પદગ્રહણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

શાળામાં આમંત્રિત મુખ્ય મહેમાનશ્રી સોમભાઈ પટેલ, રૂપાબેન મજમુદાર અને આચાર્યા મિલિ સિંહે દરેક હોદ્દેદારોને પદગ્રહણ કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સોનાલીબેને કર્યું હતું તથા કાર્યક્રમની રૂપરેખા અને પ્રારંભિક વકતવ્ય આચાર્યા મિલિ સિંહે આપ્યા હતા. કાર્યક્રમના અંતે આભાર વિધિ શિલ્પાબેને કરી હતી. શાળાના શિક્ષકોએ સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરાવ્યો હતો. શિક્ષક સુખરામ ચૌધરીએ સમગ્ર પદગ્રહણ સમારંભને કુશળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.





### સ્કાઉટ ગાઈડ પરીક્ષા કેમ્પ યોજાયો

ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રાજ્ય પુરસ્કાર પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સ્કૂલ ગ્રાન્ટેડ વિભાગની ૧૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ તરફથી શ્રી અમરીષભાઈ ચૌધરી, શ્રી વિનાક્ષીબેને માર્ગદર્શન આપ્યું હતું.

### ગાંધીનગરની કુ. આશા બ્રહ્મક્ષત્રિય ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની રહેવાસી અને અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજ ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. આશા ભુપેન્દ્રકુમાર બ્રહ્મક્ષત્રિયે એસ.વાય.બી.કોમ.



સેમેસ્ટર-૪ માં અંગ્રેજી માધ્યમમાં પરીક્ષામાં ૮૭.૮૬ ટકા ગુણ મેળવી સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેણીએ કુલ ૪૯૦ ગુણમાંથી ૪૧૮ ગુણ મેળવ્યા છે. જેમાં તેણીએ પડતર હિસાબો અને આંકડાશાસ્ત્રના વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. કુ. આશા બ્રહ્મક્ષત્રિયે ગાંધીનગર સહિત તેના માતા-પિતાનું નામ રોશન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે કુ. આશા ગાંધીનગરના ધ્યાન કોમર્સ ગૃપ ટ્યુશન ક્લાસની પણ વિદ્યાર્થીની છે.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા કૃષ્ણ ગીતો રજૂ કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૩

જ્યોતિ મહિલા મંડળ, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ અને અરવિંદે કેન્દ્રના સહયોગથી રાધા-કૃષ્ણના ગીતોની રજૂઆત કરતો કાર્યક્રમ ઉચ્ચ શિક્ષણ કમિશનર જયંતિ રવિના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવ્યો હતો. હાલમાં જ ભગવાન જગન્નાથજીની રથયાત્રા સંપન્ન થઈ. નગરમાં જગતનો નાથ નગરચર્યા કરવા નિકળવાનો હોય અને તેના ગુણલા ન ગાવામાં આવે તે ક્યાંથી ચાલે? ત્યારે નગરમાં જ્યોતિ મહિલા મંડળ, વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ અને અરવિંદ કેન્દ્રના સહયોગથી ભગવાન રાધાકૃષ્ણના ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમ મુખ્ય મહેમાન પદે જ્યોતિ રવિ અને અતિથિ વિશેષ તરીકે નિવૃત્ત માહિતી નિયામક અને કેળવણીકાર દલપત પઢિયાર અને પૂર્વ પ્રાધ્યાપક પૃથ્વીભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

રાધા-કૃષ્ણના ગીતોની રજૂઆતના કાર્યક્રમમાં નગરની બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. વાલાને માખણ ભાવે રે... વાલાને મિસરી ભાવે રે... જેવા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે શ્રેષ્ઠ ગીતો રજુ કરનારને ઈનામ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વિનાબેન ઓઝા દ્વારા પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ નિર્ણાયક તરીકે રક્ષિતા ઉપાધ્યાય અને આરતીબેન ભટ્ટે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતના બૂચ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




પાછળ જો તો... આ લોકોને આપણાં વોક આઉટથી કાંઇ ફેર પડ્યો ??

# ચૌધરી કોલેજમાં પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓને આવકારવામાં આવી

ગાંધીનગર, તા.૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં સેમેસ્ટર-૧ની વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ મનાવવામાં આવ્યો હતો.

સેકટર-૭ સ્થિત ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં આજે કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ કરતી વિદ્યાર્થીનીઓને આવકારવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓને ચંદન તિલક કરી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. કોલેજમાં દીપ પ્રાગટય કરી પ્રાર્થના કર્યા બાદ આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરીએ કોલેજમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવ્યા હતા.

કોલેજના ટ્રસ્ટી મંડળના ડી.જી. ચૌધરીએ સંસ્થા વિશે માહિતી આપતું પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું તેમજ શંકરભાઈ ચૌધરીએ વિદ્યાર્થીનીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આશા જોષી, તેજલ ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમને અંતે આભાર વિધિ પ્રતિમા છનિયારાએ કરી હતી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. તાજેતરમાં કાળા નાણાં ભારતમાં પરત લાવવા માટે કઇ વિશેષ તપાસ દળ (એસ.આઇ.ટી.) ના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **એમ.બી. શાહ**

૨. વર્ષ ૨૦૧૪માં યુક્રેનના નવા રાષ્ટ્રપતિ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **પેટ્રો પેરોશેન્કો**

૩. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કેબિનેટમાં સૌથી યુવા મંત્રી કોણ છે?
→ **સ્મૃતિ ઇરાની**

૪. વર્ષ ૨૦૧૪ ત્રીજી વખત ઇટાલીયન ઓપનનો ખિતાબ કોણે હાંસલ કર્યો હતો?
→ **સેરેના વિલિયમ્સ**

૫. ભારતની પ્રથમ મહિલા વિદેશ પ્રધાન કોણ છે?
→ **સુષ્મા સ્વરાજ**

૬. વર્ષ ૨૦૧૪માં એશિયા પેસિફિક ક્ષેત્રની કઇ મુદ્રા સૌથી પ્રદર્શીત થઇ છે?
→ **ભારતીય રૂપિયો**

૭. વર્ષ ૨૦૧૪માં યુઇએફએ ચેમ્પિયંસ ફૂટબોલ કપ કઇ ટીમે જીત્યો હતો?
→ **રિયલ મેડ્રિડ**

૮. ઓ.એન.જી.સી.એ ભારતમાં પ્રથમવાર કઇ નદીની ઘાટીમાં ડ્રિલિંગ કરવાનું શરૂ કર્યું હતું?
→ **પાલર નદી ઘાટી**

૯. વર્ષ ૨૦૧૪ હોંગકોંગ યુનિવર્સિટીના ડીન પદે કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી છે?
→ **જિતેન્દ્રવીર સિંઘ**

૧૦. મહિલા ફુટબોલ એશિયન કપ-૨૦૧૪ કયા દેશની ટીમે જીત્યો હતો?
→ **જાપાન**

૧૧. વર્ષ ૨૦૧૪ માઉન્ટ એવરેસ્ટ સર કરનાર સૌથી યુવા મહિલા પર્વતારોહક ૧૩ વર્ષીય માલવથ પૂર્ણા કયા રાજય સાથે સંબંધ ધરાવે છે?
→ **આંધ્રપ્રદેશ**

૧૨. વર્ષ ૨૦૧૪માં હિંદુસ્તાન મોટર્સ કંપનીએ કઇ મોટર કાર બનાવવાનું બંધ કર્યુ છે?
→ **અમ્બેસેડર**

૧૩. ૨૬ મે, ૨૦૧૪ કયા ભારતીય નેતાની ૫૦મી પુણ્યતિથિ હતી?
→ **જવાહરલાલ નહેરૂ**

૧૪. વર્ષ ૨૦૧૪માં કયા દેશનાં વૈજ્ઞાનિકોએ નવજાત બાળકો માટે કિડની ડાયાલિસીસ માટેનું મશીન વિકસાવ્યું છે?
→ **ઇટલી**

૧૫. વર્ષ ૨૦૧૪માં ભારતના કયા શહેરમાં પાણીમાં તરતી હોટલ બનાવવામાં આવી છે?
→ **મુંબઇ**

૧૬. વર્ષ ૨૦૧૪ કઇ ભારતીય વિરાસત સ્થાનને સ્કોર્ટલેન્ડના તહેવારમાં ડિજિટલ સિસ્ટમથી પ્રદર્શીત કરવામાં આવી હતી?
→ **રાણકી વાવ**

૧૭. વર્ષ ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્રનો લોકસેવા પુરસ્કાર કયા ભારતીય પ્રોજેક્ટે જીત્યો હતો?
→ **પ્રોજેક્ટ મોબાઇલ સેવા**

૧૮. વર્ષ ૨૦૧૪માં કયારે વિશ્વ કાચબા દિવસ મનાવવામાં આવ્યો હતો?
→ **૨૩ મેના રોજ**

૧૯. વર્ષ ૨૦૧૪માં નાગાલેન્ડનાં નવા મુખ્યમંત્રી પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **ટી.આર. જિલીયાંગ**

૨૦. વર્ષ ૨૦૧૪માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા રાજીવ માથુરની કયા પદ પર નિયુક્તિ કરવામાં આવી છે?
→ **મુખ્ય માહિતી આયુક્ત (ભારત)**

# વ્યસ્ત ભલે, અસ્તવ્યસ્ત નહિ - ભાણદેવ

યુગનો પ્રભાવ એવો છે કે માનવી વધુ ને વધુ વ્યસ્ત બનતો જાય છે. મોટે ભાગે સૌ એવી ફરિયાદ કરતાં જોવા મળે છે 'સમય નથી!' આ 'સમયની ખેંચ છે.' તે આ યુગની વિશિષ્ટતા છે અને આ યુગની ફરિયાદ પણ છે જ.

પ્રત્યેક માનવી વ્યસ્ત છે, તેમ તો નથી, પરંતુ ઘણા વ્યસ્ત અને કેટલાક તો અતિ વ્યસ્ત છે. આ હકીકતનો સ્વીકાર કરીને હવે પ્રશ્ન થાય છે - તો હવે કરવું શું? પ્રત્યેક માનવી પોતાની આ વ્યવસ્તતાને ટાળી ન શકે. પ્રત્યેક માનવીના સંયોગો એવા નથી કે તે વ્યસ્તતામાંથી મુક્ત થઇ શકે અને રહી શકે.

ત્યારે કરવું શું? ત્યારે એક જ ઉપાય છે - વ્યસ્ત ભલે, પરંતુ અસ્તવ્યસ્ત નહિં! વ્યસ્તતા વચ્ચે પણ સ્વસ્થતા જાળવી રાખવી, વ્યસ્તતા વચ્ચે પણ અસ્તવ્યસ્ત ન બનતું, આ ઉપાય છે. પરંતુ તો પ્રશ્ન એ છે કે વ્યસ્તતા વચ્ચે પણ સ્વસ્થતા જાળવવી કેવી રીતે? વ્યસ્તતા વચ્ચે પણ અસ્તવ્યસ્ત ન બની જવાય તેનો ઉપાય શો? પહેલાં તો આપણે સમજી લઈએ કે અસ્તવ્યસ્ત થવું એટલું શું?

અસ્તવ્યસ્તતાનું સ્વરૂપ : અસ્તવ્યસ્ત એટલે અવ્યવસ્થિત, વેરણખેરણ, વેરવિખેર. અસ્તવ્યસ્ત એટલે અશાંત, રઘવાટયુક્ત, અસમતોલ. ઘરમાં કે અન્ય કોઈ સ્થાને વસ્તુ વેરવિખેર અને અવ્યવસ્થિત પડી હોય તો આપણે કહીએ છીએ - બધું અસ્તવ્યસ્ત છે. તે જ રીતે પુસ્તકાલયમાં પુસ્તકો ગોઠવણ વિના જેમ તેમ પડ્યા હોય તો આપણે કહીએ છીએ પુસ્તકો અસ્તવ્યસ્ત પડ્યાં છે કે પુસ્તકાલય અસ્તવ્યસ્ત છે.

આ જ રીતે માનવીનું ચિત્ત, માનવીનો વ્યવહાર કે જીવનશૈલી પણ અસ્તવ્યસ્ત હોઈ શકે છે. કામના અતિ બોજને સમયે કે અનેકવિધ જવાબદારીઓનાં ભારણ વખતે માનવીના ચિત્તમાં, વ્યવહારમાં કે જીવનશૈલીમાં આ અસ્તવ્યસ્તતા આવી શકે છે. તે વખતે તેને પોતાને અને તેમનાં સંપર્કમાં આવનાર સૌને કે ઘણાંને એમ અનુભવાય છે કે આ મહાનુભાવ અસ્તવ્યસ્ત થઇ ગયા છે. આ અસ્તવ્યવસ્ત અવસ્થામાં શું થાય છે? : (૧) ખોટા નિર્ણયો લેવાઈ જાય છે. (૨) અકારણ કે સકારણ વારંવાર ક્રોધ આવે છે. (૩) બોલવાનો કે વ્યવહારનો કે કાર્યશૈલીનો વિવેક રહેતો નથી. (૪) સમતા ચાલી જાય છે.

અસ્તવ્યસ્તતા કેવી રીતે ટાળવી : હવે આપણે જોઈએ કે વ્યસ્ત જીવનમાં સ્વસ્થ કેવી રીતે રહેવું અને અસ્તવ્યસ્તતા કેવી રીતે ટાળવી.

(૧) સાધનપરાયણ જીવન જીવો : વ્યસ્ત જીવન વચ્ચે પણ અને 'વ્યસ્ત., પણ અસ્તવ્યસ્ત નહિ,' તેમ સિદ્ધ કરવા માટે નિત્ય સવારસાંજ સાધનભજન માટે થોડો સમય કાઢો. વ્યસ્ત જીવનમાં સાધન માટે સમય કાઢવો? હા, વ્યસ્ત જીવનને અસ્તવ્યસ્ત બનતું અટકાવવા માટે સાધન માટે સમય કાઢવો જોઈએ. શું સાધન કરવું? વ્યક્તિગત ભિન્નતાને અહીં સ્થાન છે જ. આમ છતાં આટલું કહી શકાય : (૧) પ્રાણાયામ (૨) જપ (૩) ધ્યાન.

(૨) સ્વાધ્યાય : સ્વાધ્યાય એટલે ઉત્તમ ગ્રંથોનું અધ્યયન. કોઈ એક સારું પુસ્તક સતત સાથે રાખવું. જયારે અનુકૂળતા મળે ત્યારે સ્વાધ્યાયમાં ડૂબી જવું. યાદ રહે, આ ડૂબી જવું તરતા માટે છે! શાનો સ્વાધ્યાય કરવો? અહીં પણ વ્યક્તિગત ભિન્નતાને સ્થાન છે જ. આમ છતાં થોડું અહીં પ્રસ્તુત છે : (૧) મહાપુરૂષોના જીવનચરિત્ર (૨) ગીતા, ભાગવત, રામાયણ (૩) મહાપુરૂષોની વાણી

(૩) સત્સંગ : જયારે થોડો સમય મળે, તક મળે ત્યારે સાધુપુરૂષોનો, સજ્જનોનો સંગ કરતા રહો. આ સત્સંગ મનને અસ્તવ્યસ્ત થતું અટકાવશે, સ્વસ્થતા જાળવી રાખતા શીખવશે.

(૪) જાગૃતિ : અસ્તવ્યસ્ત અવસ્થા બેભાનાવસ્થામાં હોય છે, જાગૃતાવસ્થામાં નહિ. આપણા વ્યવહારમાં જેને જાગૃતવસ્થા ગણીને છીએ તે યથાર્થ જાગૃતાવસ્થા નથી, ઉપરછલ્લી કે છીછરી જાગૃતવસ્થા હોય છે, શારીરિક જાગૃતાવસ્થા છે. મનોમન જાગૃતાવસ્તા નથી. જેમ જેમ જાગૃતિ અર્થાત અવધાનનો વિકાસ થતો જાય તેમ તેમ અસ્તવ્યસ્તતાનું પ્રમાણ ઘટતું જાય છે. આ જાગૃતિ અર્થાત અવધાન થાય કેવી રીતે? જાગૃતિનો ઉપાય જાગૃતિ જ છે. આમ છતાં આટલા સહાયક ઉપાયો બની શકે : (૧) જાગૃતિપૂર્વક પ્રાણાયામ (૨) જાગૃતિપૂર્વક જપ (૩) શ્વાસ પ્રત્યે જાગૃતિ (૪) શાંભવી મુદ્રા (૫) સોડહમ્ ઉપાસના.

આપણે આપણી અસ્તવ્યસ્ત અવસ્થા પ્રત્યે, આપણા રઘવાટ પ્રત્યે, આપણી અશાંત અને અસમતોલ અવસ્થા પ્રત્યે જાગૃત બનીએ તો? જાગૃતિના પ્રકાશમાં આ અસ્તવ્યસ્તા ટકી શકે નહીં.

(૫) સમજ : સમજના અભાવમાં સમસ્યાઓ પ્રગટ થાય છે અને સમાજના પ્રકાશમાં સમસ્યાઓ નિવૃત્ત થાય છે. સમાજવિકાસની યાત્રા તે જીવનવિકાસની યાત્રાનું એક મૂલ્યવાન પાસું છે. પોતાની જાતને જોતા રહો, તપાસતા રહો, ફંફોળતા રહો અને પોતાની જાતને સમજતા રહો. પોતાના જીવનની સમસ્યાઓના મૂળભૂત સ્વરૂપને સમજો. પોતાની ગ્રંથિઓ અને લાગણીઓને જોતાં રહો. પોતાની અસ્તવ્યસ્તાને સમજો, તેના કારણોને સમજો. આ સમજયાત્રા માનવીને તેની અસ્તવ્યસ્તતામાંથી બચાવી લે છે. સમજના પ્રકાસમાં આ અસ્તવ્યસ્તતાનું વિસર્જન થવા માંડે છે. સમજના પ્રકાશમાં વ્યસ્ત ભલે, પણ અસ્તવ્યસ્ત નહિ - આ સિદ્ધ થઈ શકે છે. સમજની યાત્રા એક યાત્રા છે. યાત્રાથી કંટાળવું નહિં કારણ કે જીવન જ એક યાત્રા છે.

(૬) ભયમુક્ત : આપણી અસ્તવ્યસ્તતાનું કારણ છે ભય - અને ચિંતા. ભય રાક્ષસ અને ચિંતા ડાકણ છે. આ બંને સાથે મળીને આપણા જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. આપણે અનેકવિધ કર્મોમાં વ્યસ્ત હોઈએ છીએ ત્યારે જે તે કર્મ સાથે સંલગ્ન ભય અને ચિંતા આપણને બેબાકળા કરી મૂકે છે અને માત્ર કર્મને જ નહિ, સમગ્ર જીવનશૈલીને પણ અસ્તવ્યસ્ત કરી મૂકે છે. ભયમુક્તિનો ઉપાય શો? ચિંતાથી મુક્ત થવું કેમ? વસ્તુતઃ ચિંતા પણ ભયનું જ એક સ્વરૂપ છે. તેમાંથી મુક્તિનો માર્ગ છે, પોતાના ભય અને પોતાની ચિંતાના યથાશક્ત સતત દર્શન. દર્શનના પ્રકાશમાં ભય અને ચિંતા વિસર્જિત થવા માંડશે.

વર્તમાનયુગના મનીષિ શ્રી જે. કૃષ્ણમૂર્તિ કહે છે, () જો તમે ભયથી સંપૂર્ણ મુક્ત બની શકો તો તમે સ્વર્ગની લગોલગ છો.

(૭) બિનજરૂરી ક્રિયાઓથી બચો : બધા જ વર્તમાન પત્રો વાંચવા, ટી.વી.ની સામે બેસી રહેવું, વાતો કરવામાં સમય વિતાવવો, સામાજિક પ્રસંગોમાં સમય આપવો - આ બધી પ્રવૃત્તિઓમાં સમય બગાડવાનું બંધ કરીએ તો આપણી વ્યસ્તતા ઓછી થઈ જશે અને આપણે સાધન, સ્વાધ્યાય અને સત્સંગમાં વધુ આપી શકીશું અને આપણી અસ્તવ્યસ્તતા નિયંત્રણમાં આવશે.

(૮) સમયનો કાર્યક્ષમ ઉપયોગ : કાર્ય કરવાની શૈલી એવી રીતે ગોઠવવી કે ઓછા સમયમાં વધુ કામ, વધુ સારી રીતે થઈ શકે. કયું કામ જાતે કરવું, કયું કામ કોને સોંપવું, કામ કેવી રીતે પાર પાડવું. આ બધી સમયનો કાર્યક્ષમ ઉપયોગ કરવાની કળા છે. જેમને આવી કળા સાધ્ય છે, તેમને વ્યસ્તતા નડતી નથી અને અસ્તવ્યસ્તતા આવતી નથી.

વ્યસ્તતાની વચ્ચે સ્વસ્થતા : એક સંત દીર્ઘકાળપર્યંત હિમાલયમાં રહ્યા. સંનિષ્ટભાવે સાધનાપરાયણ જીવન જીવ્યા. એકાંતમાં રહ્યા અને મહદ્ અંશે મૌન જ રહ્યા. ભક્તોના આગ્રહથી અને સાધના હવે પરિપૂર્ણ થઈ છે, તેમ માનીને તેઓ હિમાલય છોડીને નીચેના મેદાની વિસ્તારમાં આવવા તૈયાર થયા.

આશ્રમ બન્યો. હજારો માણસોની આવનજાવન શરૂ થઈ. આશ્રમનો અને શિષ્ય-શિષ્યોનો મોટો સંસાર શરૂ થયો. સમસ્યાઓ પણ આવવા માંડી. ગુરૂજીને કવચિત ક્રોધ પણ આવવા માંડ્યો. ગુરૂજી વિચારે - હિમાલયમાં તો મને ક્રોધ, ભય આદિ આવેગો આવતા જ નહિ. હવે આ શું થયું છે? અહીંનું વાતાવરણ ખરાબ છે? હિમાલય પાછો ચાલ્યો જાઉં?

આખરે ગુરૂજી સમજે છે - હિમાલયમાં ભય, ક્રોધ ઉત્પન્ન થાય તેવા સંયોગો આવતા જ નહિ એટલે એવો ભ્રમ થયો કે હું ક્રોધ, ભય, આદિ આવેગોથી મુક્ત છું વસ્તુતઃ આ આવેગો મારામાં હતા જ. સંયોગો બદલાતાં આ અંદર સંતાઈને બેઠેલા આવેગો બહાર આવવા માડ્યા.

હવે હિમાલય જવું નથી. હવે અહીં આ માનવમહેરામણ વચ્ચે જ રહીને મારે ક્રોધ, ભય, આદિ આવેગોની સન્મુખ થવું છે અને તેમનું નિરાકરણ કરવું છે!

શાંત, એકાંત સ્થાનમાં સાધકને પોતે સ્થિતપ્રજ્ઞ થઈ ગયાનો ભ્રમ થઈ શકે છે. આ સ્વસ્થતા ખરી સ્વસ્થતા ન પણ હોય. વ્યસ્ત જીવનમાં પણ સ્વસ્થતા જળવાય તો તે ખરી સ્વસ્થતા છે! એકાંત સાધનનું મૂલ્ય નથી, તેમ નહિ. પરંતુ સ્વસ્થતાની આ કસોટી પણ કરી જોવી જોઈએ - વ્યસ્તતામાં પણ સ્વસ્થતા! અમે આમ બને તો આમ સિદ્ધ થાય છે : 'વ્યસ્ત ભલે, અસ્તવ્યસ્ત નહિં.'

(સૌજન્ય : વિચારવલોણું)